ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષા માટે આવનારી પેઢીને તાલીમબદ્ધ કરવાના ધ્યેય સાથેના શિક્ષણનું વધતુ મહત્વ

જિંદગીની પરીક્ષામાં સફળતા મેળવવાની કેળવણી આપતી સંસ્થા તપોવન સંસ્કારપીઠમાં વૈશ્વિક સંમેલન

ગાંધીનગર,આજના આધુનિક યુગમાં શાળાઓમાં પરીક્ષાની જિંદગીમાં સફળતા મેળવવાના જ આશય થી શિક્ષણ અપાય છે, જયારે જિંદગીની પરીક્ષામાં શ્રેષ્ઠતમ સફળતા મેળવવાની કેળવણી આપવાના ધ્યેયથી અમદાવાદ - ગાંધીનગર હાઈવે સ્થિત તપોવન સંસ્કારપીઠ સંસ્થા કાર્ય કરી રહી છે.

યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા. પ્રેરિત તપોવન સંસ્કારપીઠ - અમીયાપુર ખાતે ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષા માટે આવનારી પેઢીને તાલીમબદ્ધ કરવાના ધ્યેયથી સ્થાપિત શિક્ષણ સાથે સંસ્કરણ આપતી સંસ્થાને ૨૫ વર્ષ પરિપૂર્ણ થઇ રહ્યા છે. આ નિમિતે સંસ્થા દ્વારા મહોત્સવ તા. ૧૬/૧૭ ફેબ્રુઆરી-૨૦૧૯ શનિવાર અને રવિવારના રોજ તપોવન મુકામે રજત જયંતિ મહોત્સવ અંતર્ગત વૈશ્વિક સંમેલન "તપોવન એ જ તરણોપાય" અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

તપોવનની સ્થાપના થી લઇ વર્તમાન સમય સુધીની ઐતિહાસીક યાત્રાની ઝાંખી કરાવતી ભવ્ય આર્ટ ગેલેરીનું નિર્માણ તપોવન ખાતે કરવામાં આવેલ છે. તપોવન રજત જયંતિ મહોત્સવના કાર્યક્રમ અંતર્ગત તા.૧૬-૨-૨૦૧૯ શનિવારના રોજ પરમ પૂજય સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી જયઘોષ સુરીશ્વરજી મહારાજા આદિ અનેક આચાર્ય ભગવંતો તેમજ ૩૦૦ થી પણ વધુ શ્રમણ અને શ્રમણી અમદાવાદની વિવિધ શાળા - કોલેજના યુવાન વિધાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ યોજાશે। રાત્રીના સમયે મહાન સંગીતકારોની સાથે ભક્તિ સંગીતના દબદબામય વાતાવરણમાં ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષાના વિવિધ ક્ષેત્રમાં કાર્યરત પ્રતિભાઓને અને સંસ્થાનોને એવોર્ડ પ્રદાન કાર્યક્રમ યોજાશે. તા.૧૭ રવિવારના રોજ પ્રભાતના સમયમાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષાના ગગનભેદી નારાઓ સાથે ખુમારીસભર શાસન વંદના યોજાશે। આ ઉપરાંત પૂજય મુનિરાજશ્રી સુધારસ વિજયજી મ.સાને ગણીપદ પ્રદાન મહોત્સવ યોજાશે। ત્યાર બાદ અધતન ટેકનોલોજીના સથવારે પૂજય ગુરુમાં(પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.)ની પાવન ઝાંખી કરાવતો કાર્યક્રમ, ૨૫ સંસ્કાર ગ્રંથોનું વિમોચન અને તપોવની યુવાનોના બાલુડાઓને ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર માટે સમર્પિત જીવનના નિર્માણ માટે પરમ પૂજય ગચ્છાધિપતિશ્રીને વહોરાવાની મંગળ વિધિનો કાર્યક્રમ યોજાશે. તપોવનની પ્રવૃત્તિમાં પાયાથી જોડાયેલા સંસ્કરણ શિલ્પી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી હંસકિર્તીસુરીશ્વરજી મ.સા એ જણાવ્યું હતું કે, તપોવનમાં બાળકોને માતા-પિતા ઘરના જીવતા જાગતા ભગવાન અને ભગવતી છે તેવો શિક્ષા અપાઈ રહી છે. આ ઉપરાંત દયા-કરુણા અને માનવતાના ગુણોને અને માનવ પ્રેમ - પશુ પ્રેમ અને શ્રમ પ્રેમને જીવંત રીતે બાળકોમાં આત્મસાત કરાવવાનો પ્રયાસ તપોવન દ્વારા થઇ રહ્યો છે. આ રીતે મુલ્યનિષ્ઠ શિક્ષણ સાથે સંસ્કરણ આપતી તપોવન સંસ્કારપીઠ સંસ્થાની સ્થાપનામાં યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાની તપશ્ચર્યાનું સુંદર પરિણામ આજે રાષ્ટ્ર અને સમાજને પ્રાપ્ત થઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં દેશ - વિદેશ માંથી ધાર્મિક - સામાજિક - રાજકીય આગોવાનોની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

આ વેલેન્ટાઈન્સ ડે પર તમારી પ્રિય વ્યક્તિને ટાઈટનની ઘડિયાળ ભેટ ધરીને પ્રેમ વ્યક્ત કરો

કેક્ટસ અને બલૂનની સ્ટોરીથી પ્રેરિત ટાઈટને આ વેલેન્ટાઈન્સ ડે માટે ત્રણ નવા વેરિઅન્ટ પ્રસ્તુત કર્યા છે. આ રોમેન્ટિક કલેક્શન કેક્ટસ અને બલૂનની છાપ સાથે સુશોભિત છે, જેમાં બંને વચ્ચેની અસંભવિત લાગતી લવ સ્ટોરી દર્શાવવામાં આવી છે. બંને ચહેરા કેટલાંક અવરોધો ધરાવે છે, છતાં તેમાંથી પ્રેમ છલકાય છે અને તેઓ એકબીજાનાં હાથમાં હાથ પરોવવાની રીત શોધી લે છે.

રૂ. ૮૪૯૫ની કિંમત ધરાવતું દરેક વેરિઅન્ટ વિશિષ્ટ પેટર્ન ધરાવતું ડાયલ અને રોઝ ગોલ્ડનો પટ્ટો ધરાવે છે. આ સુંદર ગિફ્ટ બોક્ષમાં આવે છે, જેમાં રોમેન્ટિક ચાર્મ અને એક્સેસરીઝ સામેલ છે. દરેક ડાયલને વિશિષ્ટ ટેકનિકનો ગર્વ છે, એક વેરિઅન્ટ સ્વેરોવસ્કી ક્રિસ્ટલ સાથે સજ્જ મિરર ફિનિશ ડાયલ ધરાવે છે, અન્ય વેરિઅન્ટ ટોન-ઓન-ટોન ડાયલ સાથે વિશિષ્ટ સ્મજ ફિનિશ તથા ઉડી ફ્લોર મૂવિંગ રોટર ધરાવે છે. ત્રીજા વેરિઅન્ટનાં ડાયલ પર વોટરકલર લૂક પરફેક્ટ કોન્ટ્રાસ્ટ લાવે છે. (૧)

જસ્ટિસ પરેશ ઉપાધ્યાય દ્વારા ચુડાસમાની ટિકા

સુપ્રીમમાં એફિડેવિટને લઇ હાઈકોર્ટ જજ ભારે નારાજ

અમદાવાદ, રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સુપ્રીમ કોર્ટમાં કરેલી એફિડેવિટને લઈ હાઈકોર્ટના જજ પરેશ ઉપાધ્યાય ભારે નારાજ થયા છે. જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે શિક્ષણમંત્રી ચુડાસમાના વલણથી નારાજ થતાં તીખી આલોચના કરતાં જણાવ્યું કે, હું પાર્લામેન્ટ સામે મહાભિયોગનો સામનો કરવામાં ઓછો અપમાનિત થઈશ. પરંતુ જો કોઈ એવો આક્ષેપ કરે કે, કોર્ટ કોઈની પાછળ કામ કરે છે તો તે ચલાવી લેવાશે નહી. જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે ભૂપેન્દ્રસિંહના વકીલ ચિત્રજીત ઉપાધ્યાયને કહ્યું કે, શું તમે ચીફ જસ્ટિસને રજૂઆત કરીને આ મેટર અન્ય બેન્ચ સમક્ષ મુકવા રજૂઆત કરવા માંગો છો? આ કોર્ટમાં પુરી પારદર્શિતાથી કાર્યવાહી થાય છે. તેની બધાને ખબર છે, મારે કોઈના સર્ટિફિકેટની જરૂર નથી, નક્કી કરી લો. હું આ મેટરને નોટ બિફોર મી નહી કરું. હાઈકોર્ટ જજના આકરા મિજાજને પગલે ગુજરાતના ન્યાયતંત્રમાં, સરકારમાં અને વકીલઆલમમાં જબરદસ્ત પ્રત્યાઘાત પડયા છે. હાઈકોર્ટ જજની તીખી ટિપ્પણીઓને લઈ ભારે ચકચાર મચી ગઈ છે અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધાનસભા ચૂંટણીમાં મેળવેલી જીતનો કેસ ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં ધોળકા બેઠક પરથી ભૂપેન્દ્રસિંહની ૩૨૭ મતે જીત થઈ હતી. ત્યારબાદ તેની સામે લડેલા કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડે તેમની જીતને હાઈકોર્ટમાં પડકારી હતી. અશ્વિન રાઠોડે દાવો કર્યો હતો કે, મત ગણતરીમાં કરાયેલી અનિયમિતતાને કારણે જ ભૂપેન્દ્રસિંહ જીત્યા છે. પોતાની અરજીમાં રાઠોડે કહ્યું હતું કે, પોસ્ટલ બેલેટ પેપર દ્વારા કરવામાં આવેલા ૪૨૯ મતોને રિટર્નીંગ ઓફિસરે ગેરકાયદે રીતે ફગાવી દીધા હતા. જેના કારણે ચુડાસમા જીત્યા છે, અન્યથા તેઓ હારી જાત. દરમ્યાન હાઈકોર્ટમાંથી યોગ્ય રાહત નહી મળતાં ચુડાસમાએ સુપ્રીમકોર્ટમાં ઘા નાંખી હતી.

એએમટીએસની કંગાળ હાલત: ૨૬ અબજ ૯૧ કરોડનું દેવું

અમદાવાદ, એક સમયે દેશભરમાં પ્રતિષ્ઠા ધરાવતી અને શહેરની લાલ બસ તરીકે ઓળખાતી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (એએમટીએસ) ખાનગીકરણના રવાડે ચડીને વિજય માલ્યાની જેમ ગમે ત્યારે નાદારી નોંધાવે તેવી કંગાળ હાલતમાં મુકાઈ ગઈ છે. એએમટીએસ સંસ્થાના શાસકોની સૂઝબૂઝના અભાવે મ્યુનિસિપલ કોર્પોરેશનનાં દેવાંનો ડુંગર પિરાણા ખાતેના કચરાના ડુંગર કરતાં પણ વધુ મહાકાય તેમજ બિહામણો બન્યો છે. ગત તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ની તારીખમાં એએમટીએસના માથે અત્યાર સુધીનું તંત્રનું કુલ રૂ. ૨૬૯૧ કરોડ એટલે કે ૨૬ અબજ ૯૧ કરોડનું દેવું ચઢ્યું છે એટલે કે એએમટીએસ બસનાં ટાયર તો શું પણ સ્ટિયરિંગ પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવામાં ડૂબેલાં છે.

તાજેતરમાં એએમટીએસના ચેરમેન અતુલ ભાવસાર દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦નું રૂ.૪૮૮.૦૮ કરોડનું બજેટ મંજૂર કરાવાયું હતું. આ બજેટમાં શાસકોએ સંસ્થાની માલિકીની ૧૩૫ બસ પૈકી રોડ પર માંડ ૯૫ બસ દોડતી હોઈ પ્રાઈવેટ ઓપરેટરોની ૬૦૬ બસનું નિયમિત સંચાલન કરવાની બાબત પર ભાર મૂકીને નાગરિકોને ચોંકાવ્યા હતા. જે સંસ્થાની વહીવટી કુશળતાની સુવાસ સમગ્ર ભારતમાં પ્રસરી હતી તે સંસ્થાના કર્તાહર્તાઓને જાહેરમાં ખાનગીકરણને પ્રોત્સાહન આપતા જોઈને સંસ્થાના કર્મઠ કર્મચારીઓનું માથું શરમથી ઝૂકી ગયું હતું.

જો કે વર્ષ ૨૦૦૬-૦૭થી પ્રાઈવેટ ઓપરેટરોનો એએમટીએસમાં પ્રવેશ થતાં સંસ્થા કફોડી સ્થિતિમાં મુકાતી જતાં આજે સંસ્થામાં પ્રાઈવેટ ઓપરેટરોની જ બોલબાલા છે, દર વર્ષે પ્રાઈવેટ ઓપરેટરોને તેમની બસ ચલાવવા માટે રૂ.૧૬૦ કરોડ ચૂકવાઈ રહ્યા છે, તેમ છતાં આવક ખાસ થતી નથી.

ગુર્જર આંદોલનને કારણે ગુજરાતની ટ્રેનોને માઠી અસર

સુરત, રાજસ્થાનમાં જગ્યા જગ્યાએ ગુર્જર સમુદાયના લોકો ૫ ટકા આરક્ષણ માટે આંદોલન કરી રહ્યાં છે. અનેક જગ્યાઓએ આગચંપીની ઘટનાઓ પણ થઈ છે. સવાઈ માધોપુરમાં તો ગુર્જર સમુદાયના લોકો રેલવેના પાટાઓ પર બેસ્યા છે. આ કારણે જયપુરના રસ્તે જતી આવતી ટ્રેનો પર મોટી અસર પડી રહી છે. આગામી ત્રણ દિવસો માટે ૩૭ ટ્રેનો રદ કરવાની જાહેરાત થઈ ચૂકી છે. માત્ર રવિવારે ૧૦ ફેબ્રુઆરીના રોજ જ ૧૮ ટ્રેન રદ કરવામાં આવી હતી અને ૧૩ ટ્રેનોના રુટ બદલવામાં આવ્યા. તો તેની સીધી અસર ગુજરાતથી પસાર થતી ટ્રેનો પર પણ પડી છે. ૧૨ ફેબ્રુઆરીના રોજ ૧૨ ટ્રેન રદ કરવાની જાહેરાત ઉત્તર રેલવે દ્વારા કરવામાં આવી છે. ૧૩ ફેબ્રુઆરીના રોજ સૌથી વધુ ૧૫ ટ્રેન રદ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, આવામાં જયપુર તરફ જતા અને આવતા લોકોને મોટી તકલીફોનો સામનો કરવો પડી શકે છે.

ગુર્જર આંદોલનને કારણે ગુજરાતમાંથી પસાર થતી ટ્રેનોને પણ માઠી અસર પડી છે. ઉત્તર-પશ્ચિમ રેલવેનંક શિડયુલ આ કારણે ખોરવાયું છે. ૧૩ ફેબ્રુઆરી સુધી ૩૦ જેટલી ટ્રેનો રદ્દ કરાઈ છે. તો ૨૫ જેટલી ટ્રેનોના રૂટ ડાઈવર્ટ કરવામાં આવ્યા છે.

રાજકોટ મનપાનું ૨૧૨૬ કરોડનું બજેટ મંજૂર

રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના બજેટને લીલીઝંડી આપવામાં આવી છે. રાજકોટ મહાનગર પાલિકાનું ૨૧૨૬.૧૦ કરોડના બજેટને સોમવારે મંજૂરી આપવામાં આવી. આ બજેટમાં પ્રજા ઉપર વધારાનો કોઇ કર બોજો નાંખવામાં આવ્યો નથી. બજેટમાં રખાયેલા નવા કરબોજાને ના મંજૂર કરવામાં આવ્યા છે. સાથે સાથે રાજકોટવાસીઓ માટે ૯૨ કરોડની નવી યોજનાઓનો પણ ઉમેરો કર્યાનું જાણવા મળ્યું છે. આ વખતના બજેટમાં રાજકોટવાસીઓ માટે નવા ૭ ઓવરબ્રિજને મંજૂરી આપવામાં આવી છે. આ બજેટમાં પ્રજા ઉપર વધારાનો કોઇ ટેક્સ નાખવામાં આવ્યો નથી. આ ઉપરાંત રાજકોટના ઐતિહાસિક જયુબિલી ગાર્ડનનું નવીનીકરણ કરવામાં આવશે. હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ, ત્રણ પાર્ટી પ્લાટ, ગાંધી મ્યુઝિયમથી જયુબલી બાગને જોડતો ફૂટ ઓવરબ્રિજ સહિતના કામો કરવામાં આવશે એવું બજેટમાં જોગવાઇ છે.

અરવિંદભાઈ મણિયાર હોલ નવીનીકરણ માટે નાણાં ફળવામાં આવશે. શ્યામા પ્રશાદ આર્ટગેલેરીના નવીની કરણ માટે પણ સમાવેશ કરવામાં આવશે. વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ નવીનીકરણ માટે ગ્રાન્ટ ફળવામાં આવી. ૨૧૨૬.૧૦ કરોડના આ બજેટમાં ૯૨ કરોડની નવી યોજનાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. તો રાજકોટ વાસીઓ ઉપર નવા કરમાંથી રાહત મળી છે. આ ઉપરાંત પાડાસણ, અમરગઢ, બાધી, રાજગઢમાં ચાર માલધારી વસાહતો, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બે ફૂટ ઓવરબ્રિજ, દસ્તુર માર્ગ, આજી ચોકડી, બીઆરટીએસ ટ્રેક પર હેપી સ્ટ્રીટ, કોઠારીયા અને ભગવતીપરામાં બે નવી હાઈસ્કૂલ, દરેક ગર્લ્સ સ્કૂલમાં સેનેટરી વેન્ડિંગ મશીન, નવી ૨૦૦ ઈલેક્ટ્રીક બસની ખરીદી, નવી ૧૦૦ બેટરી ઓપરેટેડ ઈ રિક્ષાની ખરીદી, સાઈકલ ખરીદી પર પ્રોત્સાહન સ્વરૂપે ૧ હજારનું રિફંડ, ૩૫૦ કરોડના ખર્ચે સ્પોર્ટસ રેનાનું આયોજન કરવામાં આવ્યું, ૧૦૦ કરોડનો સર્વોત્તમ પ્રોજેક્ટ, ૪૦ કરોડના ખર્ચે ઈન્ટરનેટ માટે ફાઈબર કેબલ, રૈયા સ્મશાનને ભારતનું સૌથી શ્રેષ્ઠ સ્મશાન બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કુલ ૧૨૯ ચો.કિ.મી.નો વિસ્તાર, ૧૬ લાખ વસ્તી, ૪.૬૦ લાખ મિલ્કતો, ૧૮ વોર્ડ, ૭૨ કોર્પોરેટરો, ચાર ધારાસભા મતક્ષેત્ર અને ચાર વર્ષથી વર્ષે સરેરાશ રૂ.૧૧૦૦ કરોડથી ઓછુ વાસ્તવિક બજેટ ધરાવતી રાજકોટ મહાપાલિકાનું આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું રૂ.૨૦૫૭કરોડનું બજેટ મ્યુનિ.કમિશનર બંછાનીધિ પાનીએ સ્થાયી સમિતિમાં રજૂ કર્યું હતું. ગત વર્ષે ૨૫૦૦ કરોડનું બજેટ વાસ્તવમાં રૂ.૧૧૮૭ કરોડનું, વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ.૯૭૩ કરોડ અને વર્ષ ૨૦૧૫-૧૬ રૂ.૧૦૦૫ કરોડનું જ રહ્યું છે. આમ, સતત ચાર વર્ષથી વાસ્તવિક બજેટ રૂ.૧૦૦૦થી૧૧૦૦ કરોડનું રહ્યું હતું. અત્રે જ્યારે બજેટ મંજૂર કરવામાં આવ્યું ત્યારે મળેલી બેઠકમાં જ બાળમજૂરો પાસે ચા-પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

SHUKRA JEWELLERY LIMITED

Regd. Office: 3RD FLOOR, PANCHDHARA COMPLEX, NEAR THE GRAND BHAGWATI HOTEL,
S.G. HIGHWAY, BOADAKDEV AHMEDABAD. CIN NO. : L52393GJ1991PLC079516,
WEBSITE: www.shukrajewellery.in, Email: shukrajewellery@yahoo.co.in, Ph. : 079-40024009

Statement of standalone Un Audited Financial Results for the Quarter/Nine Months ended 31st December, 2018

(RS. IN LAKH)

Particulars	Quarter Ended 31/12/2018 (Unaudited)	Nine Month ended 31/12/2018 (Unaudited)	Quarter Ended 31/12/2017 (Unaudited)	Year ended 31/03/2018 (Audited)
Total Income from operations (net)	86.11	481.45	192.72	3670.29
Net Profit/(Loss) for the period (before tax and exceptional items)	-7.77	-19.37	8.66	34.31
Net Profit/(Loss) for the period before tax (after exceptional items)	-7.77	-1937	8.66	34.31
Net Profit/(Loss) for the period after tax (before Extraordinary items)	-7.77	-19.37	8.66	25.71
Net Profit/(Loss) for the period after tax (after Extraordinary items)	-7.77	-19.37	8.66	25.71
Equity Share Capital	1357.28	1357.28	1357.28	1357.28
Reserves (excluding Revaluation Reserves as shown in the Balance Sheet of previous accounting year)	N.A.	N.A.	N.A.	0
Earning Per Share-Basic/Diluted (before extraordinary items) Of Rs.10/- each not annualized)	-0.06	-0.14	0.06	0.20
Earning Per Share-Basic/Diluted (after extraordinary items) (of Rs. 10/- each not annualized)	-0.06	-0.14	0.06	0.20

Notes : The above in an extract of the detailed format of Quarterly/ Nine month ended filed with Stock Exchanges under Regulation 33 of SEBI (Listing obligations and other Disclosure Requirement) Regulation 2015. The Full Format of the Quarterly/NineMonth ended Financial Results are available on the Stock Exchanges website (www.bseindia.com) and on the Company's website at www.shukrajewellery.in.

For and on behalf of the Board
Sd/-
Chandrakant Shah
Director
DIN NO. 01188001

Place : Ahmedabad
Date : 13.02.2019

ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસેસ લીમીટેડ

CIN: L65910GJ1994PLC023393
એ-૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ,
અમદાવાદ- ગુજરાત - ૩૮૦૦૦૯
ઈ-મેલ info@ifinservices.com, ફોન નં. 079-26581240

નોટીસ

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે ૧૯૯૬ના શેર તબદીલ કરવા માટે કંપનીને વિનંતી મળી છે પરંતુ તબદીલ કરનાર વ્યક્તિ તરફથી કેટલાક દસ્તાવેજો મળ્યા નથી અને તેમનો સંપર્ક થઈ શક્યો નથી તેથી તે શેર તબદીલ કરવા વગર પડ્યા છે સેબીના તબદીલ અંગેના નિયમો મુજબ તેમને ભૌતિક શેરો તબદીલ કરવાનું જણાવ્યું તા. ૦૬.૧૧.૨૦૧૮ ના સેબીના પરિપત્ર મુજબ જે શેર તબદીલ થવાના છે તે જેના નામે તબદીલ થયા છે તેની વિગત નીચે પ્રમાણે શેર તબદીલ કરવા બાબતે કોઈ ને વાંધો હોય તો કંપનીની રજીસ્ટર ઓફીસે આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસની અંદર તેમનો પત્ર લખવો

અનુક્રમ નંબર	ટ્રાંસફરર્સ નું નામ	ટ્રાંસફરીઝ નું નામ	ટ્રાંસફરર્ડ સિક્યોરિટીના નંબર	ડિસ્ટ. નં. ફ્રોમ	ડિસ્ટ. નં. ટૂ
૧	રમણલાલ એન પટેલ	ચેલના દવે	૩૦૦	૨૮૭૮૧૦૧	૨૮૭૪૦૦
૨	કમળાબેન આર પટેલ	ચેલના દવે	૧૦૦	૨૮૭૭૯૦૧	૨૮૭૮૦૦
૩	પુર્વીશ શ્રેણિક દલાલ	ચિરાયુ઼ષ દવે	૩૦૦	૩૮૭૦૧	૩૯૦૦૦
૪	સતીશ દેસાઈ	ચિરાયુષ દવે	૨૦૦	૨૨૬૯૭૦૧	૨૨૬૯૯૦૦

મહેરબાની કરીને નોંધ કરો કે કોઈ વાંધો નથી,જો (ચોક્કસ સમયની અંદર / પ્રાપ્ત થાય છે, તો કંપની ટ્રાન્સફર કરનારના પક્ષમાં શેર સ્થાનાંતરિત કર્યા વગર આગળ વધશે અને ટ્રાન્સફર કરનારને આગળ વધારશે નહી.

ઈન્ટરેક્ટીવ ફાયનાન્સીયલ સર્વિસેઝ લીમીટેડ
વતી
સહી/
સેજલ માંડવીયા
ડિરેક્ટર

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૩/૦૨/૨૦૧૯

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસ : નં.૧૨૦૧ અને૧૨૦૨,
૧૨મો માળ, એ વિંગ, લોટસ કોર્પોરેટ પાર્ક,
ઓફ. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે,
ગોરેગાંવ,(ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૩

કબ્જા નોટીસ

(સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ ૨૦૦૨ના નિયમ ૮(૧)ના પરિશિષ્ઠ ૪ વાંચતા પ્રમાણે)

મુથુટ હોમફીન (ઈન્ડીયા) લીમીટેડના જે હોય તે સત્તાવાર અધિકારી જેમણે સહી કરી છે. સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ તેની સાથે નિયમ ૯ વાંચતા અનુચ્છેદ ૧૩ (૨) હેઠળ મળેલી સત્તાની રૂએ કરજદાર **શ્રી જયમીન કુમાર સુરેશભાઈ ચોવાટીયા અને શ્રીમતી વિલાસબેન સુરેશભાઈ ચોવાટીયાને** ૨૪મી સેપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ માંગણા નોટીસ આપી કે નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ **રૂા.૩૨,૯૨,૩૪૯/- (રૂપિયા બત્રીસ લાખ બાણું હજાર ત્રણ સો ઓગણપચાસ પુરા)** તેની સાથે @૧૨.૫ ટકા વ્યાજ + @૨૪ ટકા વાર્ષિક પેનલ વ્યાજ,ખર્ચ, કોસ્ટ વગેરે ૩૦/૦૯/૨૦૧૮ સુધી આ નોટીસની તારીખ થી ૬૦ દિવસની અંદર ભરી જવા માટે જણાવવામાં આવ્યુ હતુ.

નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ ચુકવવામાં કરજદાર નિષ્ફળ ગયા છે.તેથી કરજદાર અને ખાસ કરીને જાહેર જનતાને જણાવવાનું કે આ કાયદાની કલમ ૧૩(૪) તેની સાથે નિયમ ૯ વાંચતા મળેલી સત્તાની રૂએ નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ નીચે વર્ણવેલી મિલકતનો કબ્જો **તારીખ. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૯** ના રોજ લીધો છે.

ખાસ કરીને કરજદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત સાથે કોઈ વ્યવહાર કરવો નહી,આ મિલકત **મુથુટ હોમફીન (ઈન્ડીયા)** લીમીટેડના **રૂા.૩૨,૯૨,૩૪૯/- (રૂપિયા બત્રીસ લાખ બાણું હજાર ત્રણ સો ઓગણપચાસ પુરા)** ની રકમ અને તે ઉપરાંતનું વ્યાજ, તદ ઉપરાંત પેનલ વ્યાજ @૨૪ ટકા, ચાર્જીસ, કોસ્ટ વગેરે તા.૩૦/૦૯/૨૦૧૮ થી તાબામાં છે.

સ્થાવર મિલકતનું વર્ણન

પ્લોટ નં.૧૫૯, માપ ૮૩.૬૪ સ્કેવર મીટર્સ, ગોકુલમ રેસીડેન્શી, સર્વે નં. ૫૪, બ્લોક નં.૪૦, ધારા રેસીડેન્શી, શેખાપુર રોડ, ગામ- વેલાન્જા, તાલુ- કામરેજ, જિલ્લો- સુરત, ગુજરાત- ૩૯૪૧૫૦. તેણી વધુ જાણકારી વેચાણ કરારનં.૧૦૨૦૮/૨૦૧૭ તારીખ ૨૬/૦૫/૨૦૧૭ માં જોઈન્ટ સબ રજીસ્ટ્રાર કામરેજની ઓફિસે ઉપલબ્ધ છે.

સહી/-
ઓથોરાઈઝ્ડ ઓફિસર,
મુથૂટ હોમફીન (ઈન્ડિયા) લીમીટેડ

સ્થળ : સુરત
તારીખઃ ૧૨/૦૨/૨૦૧૯

PARKER AGROCHEM EXPORTS LIMITED

(CIN: L24110GJ1993PLC020102)
Registered Office: Block H, Plot 3 & 4, New Kandla - 370 2710 (Kutch)
Corporate office: 401, 4th Floor, Turquoise Building, Panchwati Five Roads,
Ahmedabad-380006 (Gujarat)

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31ST DECEMBER, 2018

(Rs. in Lacs)

Particulars	Quarter ended on 31-12-2018 (Unaudited)	Cumulative upto 31-12-2018 (Unaudited)	Quarter ended on 31-12-2017 (Unaudited)
Total income from operations	74.42	262.35	363.55
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items #)	(40.74)	(65.14)	0.73
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items #)	(40.74)	(65.14)	0.73
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items #)	(40.74)	(65.14)	0.73
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(40.74)	(65.14)	0.73
Equity Share Capital	477.90	477.90	477.90
Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of previous year)	-	-	-
Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - (a) Basic & (b) Diluted	(0.85)	(1.36)	0.01

Note:

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
2. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.bseindia.com) and on the website of the Company. (www.parkeragrochem.com) .
3. # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

By Order of the Board,
For PARKER AGROCHEM EXPORTS LIMITED
SD/-
JAGDISH R. ACHARYA (DIN NO. 01251240)
CHAIRPERSON & MANAGING DIRECTOR

PLACE: AHMEDABAD
DATE : 13TH FEBRUARY, 2019

GALLOPS ENTERPRISE LIMITED

CIN - L65910GJ1994PLC023470
Regd. Office: 9th Floor, Astron Tech Park, Near Satellite Police Station, Satellite, Ahmedabad - 380015
T - +917926861459/60 : : **Website:** www.gallopsenterprise.com : : **Email :** investors.gallops@gmail.com

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUATER & NINE MONTH ENDED ON 31ST DECEMBER, 2018

(Figures in Rs.)

Particulars	Quarter Ended on			Nine Months Ended on	
	31.12.2018 (Unaudited)	30.09.2018 (Unaudited)	31.12.2017 (Unaudited)	31.12.2018 (Unaudited)	31.12.2017 (Unaudited)
1. Total Income from Operations (Net)	1,497	4,747	2,584	12,469	5,567
2. Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#)	(564,280)	(258,693)	(115,195)	(971,311)	(516,562)
3. Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	(564,280)	(258,693)	(115,195)	(971,311)	(516,562)
4. Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	(564,280)	(258,693)	(115,195)	(971,311)	(516,562)
5. Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(564,280)	(258,693)	(115,195)	(971,311)	(516,562)
6. Equity Share Capital	50,114,000	50,114,000	50,114,000	50,114,000	50,114,000
7. Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	0	0	0	0	0
8. Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) -					
1. Basic:	(0.11)	(0.05)	(0.02)	(0.19)	(0.10)
2. Diluted:	(0.11)	(0.05)	(0.02)	(0.19)	(0.10)

Note:

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the websites of the Stock Exchange www.bseindia.com and on the company's website www.gallopsenterprise.com.
2. The Financial results were reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at its meeting held on 13th February, 2019.

For Gallops Enterprise Limited
Narsinh G. Patel
Managing Director

Place: Ahmedabad
Date: 13th February, 2019